માંડવીમાં વરેહ નદી પરનો પુલ

ઓલપાડ-કીમ સ્ટેટ હાઈવે

કિરણ ઢોડિયા

ઓલપાડ મંદિર

ઓલપાડમાં ડૂબતો માણસ

બારડોલીમાં મીંઢોળા નદીના પૂરથી અનેક ઘરોને નુકસાન

૫૮૩ લોકોનું સ્થળાંતર અને ૨૭૮ નાગરિકોનું રેસ્ક્યુ કરાયું

બારડોલી: બારડોલી મીંઢોળા નદી તોફાની બનતાં લોકોની ઘરવખરી અને મકાનોને મોટા પાયે નુકસાન પહોંચ્યું છે. બીજા દિવસે પણ મીંઢોળા નદીના નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાયેલા રહ્યા હતા અને લો-લેવલ બ્રિજ પરથી પાણી વહી રહ્યા હતા. શુક્રવારે 24 કલાકમાં 49 એમએમ એટલે કે 2 ઈંચ વરસાદ નોંધાયો હતો. જો કે, બારડોલી ફાયર ઓફિસર આર.આર.સોનીના જણાવ્યા અનુસાર હવે ધીમે ધીમે પાણી ઊતરી રહ્યા હોવાથી સ્થાનિક વહીવટી તંત્રે રાહતનો શ્વાસ લીધો છે. તંત્રએ ૫૮૩ લોકોનું સ્થળાંતર કર્યું હતું. જ્યારે બારડોલી ફાયર સ્ટેશનની ટીમો દ્વારા ૨૭૮ લોકોને રેસ્ક્યુ કરી સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. મામલતદાર કચેરી દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર પત્રક મુજબ ૨૩ જુલાઈના રોજ નદીના નીચાણવાળા વિસ્તારોમાંથી મોટા પાયે સ્થળાંતર કરાયું હતું. જેમાં તલાવડી વિસ્તારમાંથી

૨૭૦ લોકો, જૂની કોર્ટમાંથી ૪૦, નૂર નગરમાંથી ૩૩, માતા ફળિયામાંથી ૨૫, રાજીવનગરથી ૫૩, માંગી ફળિયામાંથી ૩૧, નદિપાર ફળિયામાંથી ૭ અને શેઠ ફળિયામાંથી ૪૮ લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં તેન ગામમાંથી ૫૦ લોકો, કીકવાડમાંથી ૪, ઉતારામાંથી ૧૦ અને નિણત ગામમાંથી ૧૨ લોકો મળીને કુલ ૫૮૩ અસરગ્રસ્તોનું સફળ સ્થળાંતર કરાયું હતું. પૂરના પાણીમાં ફસાયેલા ૨૭૮ નાગરિક માટે બારડોલી ફાયર સ્ટેશનની ટીમો દ્વારા બોટ અને આધુનિક સાધનોની મદદથી રેસ્ક્યુ કરાયા હતા.

ફાયર બ્રિગેડ દ્વારા નૂર નગરમાંથી ૧૫ લોકો, નદીપાર ફળિયામાંથી ૬૩, ઇસ્લામ નગરમાંથી ૬૩, ચાંદપીર દરગાહ વિસ્તારમાંથી ૧૭, તેન ગામમાંથી ૭૫ અને ઉતારા ગામમાંથી ૪૩ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. અસરગ્રસ્ત નાગરિકો માટે સ્થાનિક શાળાઓ, આશ્રમશાળાઓ તેમજ ભાજપા કાર્યાલય ખાતે કામચલાઉ આશ્રયસ્થાનની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં તેન ગામના ૫૦ લોકોને ભાજપા કાર્યાલય ખાતે, ઉતારાના લોકો માટે વધાવા આશ્રમશાળા તથા પ્રા.શા. ખાતે અને પાલિકાના વિસ્થાપિતો માટે કુમાર શાળા ખાતે રહેવાની વ્યવસ્થા કરાઈ છે. હાલ ૫૦૮ લોકો સરકારી આશ્રયસ્થાનોમાં આશ્રય લઈ રહ્યા છે. કેટલાક નાગરિકો પોતાના સગા-સંબંધીઓના ઘરે ખસેડાયા છે. આશ્રયસ્થાનોમાં ભોજન, પીવાનું પાણી અને તબીબી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

સેવાભાવી સંસ્થાઓ દ્વારા માનવતાવાદી કાર્ય

બારડોલી પૂર અસરગ્રસ્ત લોકો માટે સેવાભાવિ સંસ્થાઓ વહારે આવી હતી. મુસ્લિમ રાષ્ટ્રીય મંચ સહિતની સંસ્થાઓએ અસરગ્રસ્તો માટે ભોજન અને રાહત સામગ્રીની સુવિધા પૂરી પાડી હતી.

ભરૂચમાં રેડ એલર્ટ બાદ બીજા દિવસે સામાન્ય વરસાદ

ત્રણ ડેમમાં પાણીની રેકોર્ડ આવક, ધોલી ડેમ ઓવરફ્લો

ભરૂચ: ભરૂચ જિલ્લામાં ગુરુવારે ધમાકેદાર વરસાદે સાતપુડાના કેચમેન્ટ વિસ્તારમાંથી ત્રણ ડેમને પાણીદાર બનાવી દીધા હતા. ગુરુવારના રેડ એલર્ટ બાદ શુક્રવારે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જ્યારે શુક્રવારે જિલ્લામાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. બે દિવસના ધમાકેદાર વરસાદને પગલે ધોલી ડેમ 100.63 ટકા ભરાઈને 0.10 સેન્ટીમીટર ઓવરફ્લો થયો છે. બલદેવા ડેમમાં 91.77 ટકા અને પીંગુટ ડેમમાં 70.74 ટકા પાણી સંગ્રહ થયો છે. બલદેવા ડેમમાં પાણીની સપાટી 141.10 મીટર (ડિઝાઈન સપાટી 141.50 મીટર), સંગ્રહ 91.77 ટકા, પીંગુટ ડેમમાં સપાટી 138.07 મીટર, સંગ્રહ 70.74 ટકા અને ધોલી ડેમમાં સપાટી 136.10 મીટર, સંગ્રહ 100.63 ટકા ઓવરફ્લો થઈ ગયો છે. શુક્રવારે જંબુસરમાં 23 મીમી, આમોદમાં 11 મીમી, વાગરામાં 13 મીમી, ભરૂચમાં 4 મીમી, ઝઘડિયામાં 4 મીમી, અંકલેશ્વરમાં 2 મીમી, હાંસોટમાં 1 મીમી, વાલિયામાં 8 મીમી અને નેત્રંગમાં 14 મીમી પાણી પડ્યું હતું.

ભરૂચનાં ચાર ગામ બેટ બન્યાં, મંત્રી ઈશ્વરસિંહ પટેલે ટ્રેક્ટર ચલાવી મુલાકાત લીધી

ભરૂચ: ગુરુવારે પૂર્વ ભાગમાં આભ ફાટ્યું હોય તેમ મુશળધાર વરસાદ વરસતાં કીમ નદી સહિતની નદીઓ ગાંડીતુર બની ગઈ હતી. પાણીના વહેણને કારણે દરિયાઈ કાંઠાના આસરમા, ઓભા, પાંજરોલી અને કંટિયાજાળ જેવાં ચાર ગામો બેટ સમાન બની ગયાં હતાં. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ શુક્રવારે સીધા જ અસરગ્રસ્ત વિસ્તારે પહોંચ્યા હતા. રસ્તો ખરાબ હોવાથી તેમણે પોતે ટ્રેક્ટર ચલાવી ગામડાંની મુલાકાત લીધી હતી. અધિકારીઓને અસરગ્રસ્તોને રહેવા, જમવા અને તબીબી સહાય સહિતની તમામ સુવિધાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરવા અને જરૂર પડે NDRFની ટીમોને તાત્કાલિક કામગીરી માટે તૈયાર રાખવા જણાવ્યું હતું.

અંકલેશ્વરના અંદાડામાં જીવ બચાવવા બાઇક ચાલક વીજ ટાવર પર ચઢી ગયો

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર-ભરૂચ માર્ગ પર ભારે વરસાદ વચ્ચે અંદાડા ગામના પ્રવીણ સોલંકી ફરજ પર જતાં સમયે આર.એમ.પી.એસ. સ્કૂલ નજીક પાણીના તેજ વહેણમાં તણાઈ ગયા હતા. બાઈકનું સંતુલન ગુમાવ્યા બાદ તેઓ સમયસૂચકતા વાપરી નજીકના વીજ ટાવર પર ચઢી ગયા હતા. ઘટનાની જાણ થતાં મામલતદાર રાજન વસાવા અને ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી. ભારે જહેમત બાદ તેમને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ બાઈક તણાઈ ગયું હતું. તંત્રે નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી છે.

ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં ભરૂચ નગરપાલિકા તંત્ર હરકતમાં

ભરૂચ: ભરૂચ નગરપાલિકાએ 'સેફ્ટી ફર્સ્ટ'ના ધ્યેય સાથે કચરાના નિકાલ અને જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી છે. નેત્રંગ, જંબુસર અને આમોદ તાલુકામાં ધોવાઈ ગયેલાં નાળાં અને રસ્તાનું સમારકામ હાથ ધરી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો છે. આરોગ્ય ક્ષેત્રે અંકલેશ્વરની RBSK ટીમે સગર્ભા મહિલાઓને સુરક્ષિત હોસ્પિટલ પહોંચાડી સરાહનીય કામગીરી કરી છે.

હાંસોટ તાલુકાના દંત્રાઈમાં વનખાડીનું પાણી ડાયવર્ઝન માર્ગ પર ફરી વળ્યું

અંકલેશ્વર: હાંસોટ તાલુકામાં અંદાજે પાંચ ઈંચ વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે. હાંસોટથી કંટીયાજાળ માર્ગ પર દંત્રાઈ ગામ પાસે વનખાડીમાં પાણીની ભારે આવક થતાં ડાયવર્ઝન જળમગ્ન થઈ ગયું છે. નવા પુલનું કામ ચાલતું હોવાથી બનાવેલું કામચલાઉ ડાયવર્ઝન બંધ થતાં દંત્રાઈ અને કંટીયાજાળ સહિત આસપાસનાં ગામોનો વાહનવ્યવહાર ખોરવાયો છે. સ્થાનિકોએ સુરક્ષા અને વૈકલ્પિક માર્ગની માંગ કરી છે, જ્યારે તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

ભરૂચ જિલ્લામાં વરસાદી કહેર: ખાડીમાં અવિધાનો સુનીલ વસાવા તણાયો

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા તાલુકામાં ભારે વરસાદ બાદ રાજપારડી-અવિધા વચ્ચેની ખાડીમાં પાણીનું સ્તર વધતાં અવિધા ગામનો સુનીલ વસાવા તણાઈ ગયો હતો. કુદરતી હાજરી માટે ગયેલો યુવક પાણીના ઝડપી વહેણમાં ગરકાવ થતાં સ્થાનિકોએ શોધખોળ હાથ ધરી હતી. ૨૪ કલાક પછી પણ ભાળ ન મળતાં રાજપારડી પોલીસે જાણવા જોગ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં MS-29 કાંસની સફાઈમાં બેદરકારી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દર ચોમાસે પૂર જેવી પરિસ્થિતિ સર્જાવા પાછળ MS-29 કાંસની યોગ્ય સફાઈ ન થવી મુખ્ય કારણ તરીકે સામે આવી રહી છે. દર વર્ષે ભારે વરસાદ બાદ ખાડી ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે અને લોકોના જનજીવન સાથે વેપાર-ધંધાને પણ ભારે અસર પહોંચે છે. વર્ષો વીતી ગયા છતાં આ સમસ્યાનો કાયમી ઉકેલ હજુ સુધી આવ્યો નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અંકલેશ્વર વિસ્તારમાં અંદાજે 6 ઈંચથી વધુ વરસાદ નોંધાય ત્યારે MS-29 કાંસ પાણીનો ભાર સહન કરી શકતી નથી અને ખાડી ઓવરફ્લો થઈ જાય છે. ભૂતકાળમાં પણ અનેક વખત ઘરો, દુકાનો અને વાહનોમાં પાણી ઘૂસતા લોકોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું હતું.

નેત્રંગમાં આરોગ્ય વિભાગની ઘરેઘર તપાસ

ભરૂચ: ગુરુવારે નેત્રંગ તાલુકામાં ભારે વરસાદથી નવી વસાહત સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકોએ હાલાકી ભોગવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ ઝુંબેશ શરૂ કરી અસરગ્રસ્ત વિસ્તારના ઘરોની મુલાકાત લઈ તાવ, શરદી, ઉધરસ જેવાં લક્ષણો ધરાવતા દર્દીઓની તપાસ કરી ગોળીઓ વિતરણ કરી હતી.

ભારે વરસાદ છતાં ઉમરકૂઈમાં શાળા ચાલુ રહી, દીવાલ તૂટી

શાળા છૂટ્યા બાદ ઘટના બનતાં મોટી દુર્ઘટના ટળી

સાગબારા: સાગબારાના ઉમરકૂઈ ગામે આવેલી પ્રાથમિક શાળાની 6 ફૂટ ઊંચી કમ્પાઉન્ડ વોલ ભારે વરસાદને કારણે ધરાશાયી થઈ ગઈ છે.

ઉમરકૂઈ ગામે આવેલી પ્રાથમિક શાળામાં બાલવાટિકાથી ધોરણ-5 સુધીનો અભ્યાસ ચાલે છે. ગુરુવારે આ વિસ્તારમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, છતાં શાળાઓમાં રજા ન આપતાં બાળકોનો અભ્યાસ ચાલુ રાખવામાં આવ્યો હતો. શાળા છૂટ્યા બાદ અચાનક ભારે વરસાદને કારણે કમ્પાઉન્ડ વોલ ધસી પડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્ય શિક્ષિકા લક્ષ્મીબેન વસાવાએ લગભગ ત્રણ વર્ષથી નર્મદાથી ગાંધીનગર સુધીના શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓને આ મામલે લેખિત રજૂઆત કરી હતી. છતાં કોઈ કાર્યવાહી ન થતાં આખરે દીવાલ ધરાશાયી થઈ હતી.ઘટનાની જાણ થતાં જ સાગબારા તાલુકા કોંગ્રેસ ST સેલ પ્રમુખ અમજદ વસાવા અને પ્રદેશ કોંગ્રેસ ડેલિગેટ સુરેશ વસાવા ઉમરકૂઈ પ્રાથમિક શાળા પહોંચી ગયા હતા અને તાગ મેળવ્યો હતો. સ્થાનિક ગ્રામજનોએ નારાજગી સાથે જણાવ્યું કે, કમ્પાઉન્ડ વોલ સાથે લોખંડનો મુખ્ય દરવાજો જોડાયેલો છે. જો બાળકો શાળામાં હાજર હોત અને દીવાલ કે દરવાજો તેમના પર પડી ગયો હોત તો ભયાનક દુર્ઘટના સર્જાઈ શકી હોત. સદભાગ્યે કુદરતે માસૂમ બાળકોનું રક્ષણ કર્યું, અને તેમની અનુપસ્થિતિમાં આ ઘટના બનતાં વાલીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

વાલિયા ગ્રુપ કો-ઓપ. પર્પઝ સોસાયટીની બેઠકમાં પૃથ્વીરાજસિંહ ગોહિલનો વિજય

ભરૂચ: ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની સામાન્ય ચૂંટણી માટેનું બ્યુગલ વાગતાં જ જિલ્લાભરમાં સહકારી મંડળીઓએ ઠરાવો અને મતાધિકાર માટે સક્રિયતા વધારી દીધી છે. ખાસ કરીને સહકારી ક્ષેત્રે અગ્રેસર ગણાતા વાલિયા તાલુકામાં આ વખતે મોટા દાવપેચ જોવા મળી રહ્યા છે. તાજી ઘટના વાલિયા ગ્રુપ કો-ઓપરેટિવ પર્પઝ સોસાયટીની છે. આ સોસાયટીમાં ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક માટે મત આપવાનો અધિકાર કોને મળે એ નક્કી કરવા માટે બુધવારે ખાસ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ત્રણ સભ્યનાં નામોની દરખાસ્ત પર વ્યાપક ચર્ચા-વિચારણા બાદ મતદાન યોજાયું હતું. આ ચૂંટણીગત મુકાબલોમાં પૃથ્વીરાજસિંહ અજીતસિંહ ગોહિલને 6 મત પ્રાપ્ત થયા હતા. જ્યારે તેમના હરીફ કનકસિંહ રામસિંહ કોસાડાને 5 મત મળ્યા હતા. ત્રીજા ઉમેદવાર સર્જનબેન ગણપતસિંહ ખેરને 4 મત મળ્યા હતા. અંતે પૃથ્વીરાજસિંહ ગોહિલને એક મત વધારે મળ્યો હતો.